તમને ગમતું કામ શોધી લો પછી આખી જીંદગી તમારે વેઠ નહીં કરવી પડે
- એન્ટોન ચેખોવ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૫૯ | ૨૦ ઓગષ્ટ, ૨૦૧૩, મંગળવાર; શ્રાવણ સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# શહેરમાં વાહકજન્ય તો ગ્રામ્ય વિસ્તારમાં પાણીજન્ય રોગચાળો

## તંત્રએ આજે ૧૨૦ જેટલા સ્થળોએથી લારવા અને બ્રિડીંગ પકડ્યા : જિલ્લા કલેક્ટરે તાકીદે બેઠક યોજી સમીક્ષા કરી પોરાનાશક કામગીરી સઘન બનાવવા આદેશો કર્યા : ગ્રામ્ય વિસ્તારમાં સુપર ક્લોરીનેશન માટે તાકીદ કરાઈ : ડેન્ગ્યુ-ચિકનગુનિયા અને કમળાના કેસો વધ્યા

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરના વિવિધ સ્થળોએથી આજે આરોગ્ય તંત્રની ટીમોએ મેલેરિયા-ડેન્ગ્યુના મચ્છરોના લારવા તેમજ બ્રિડીંગ પકડી પાડ્યા છે. તો બીજી તરફ ગાંધીનગર તાલુકામાં કમળા અને ચિકનગુનિયાના કેસોએ પણ માથુ ઉચકતાં તંત્રની દોડધામ વધી જવા પામી છે.

ડેન્ગ્યુથી ગઈકાલે થયેલ મોત બાદ ગઈકાલથી જ હરકતમાં આવેલ તંત્રએ આજે તેની કામગીરી સઘન બનાવી દીધી હતી. જિલ્લામાં ઉભી થઈ રહેલી પરિસ્થિતિની સમીક્ષા માટે કલેક્ટરશ્રી પી. સ્વરૂપે આરોગ્ય તંત્ર સાથે ખાસ બેઠક પણ યોજી હતી અને કામગીરીમાં ગતિની સાથે સાથે તેનું સઘનીકરણ થાય તે જોવા કડક તાકીદ કરી હતી.

આજે સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી આશિષ દવે પણ સે. ૧ થી ૫નો રાઉન્ડ લઈ સેનીટેશન તેમજ હેલ્થ વિષયક પગલાંઓ ભરવા માટે તંત્રને સૂચનાઓ આપી હતી તેમજ કામગીરીનું મોનીટરીંગ પણ કર્યુ હતું.

ગાંધીનગર શહેરમાં ડેન્ગ્યુ અને મેલેરિયાના કેસોમાં ભારે ઉછાળો નોંધાયો છે. ખાનગી હોસ્પિટલોમાં પણ સરેરાશ દસ જેટલા ડેન્ગ્યુના કેસ છેલ્લા બે દિવસ દરમ્યાન નોંધાયા હોવાનું જાણવા મળેલ છે.

કોર્પોરેશનના આરોગ્ય તંત્રએ આજે સે. ૨-બી અને ૨-ડી ના મકાનોના સર્વેલન્સ માટે ૬ જેટલી ટીમો બનાવી સઘન કામગીરી કરી હતી. આ ઉપરાંત અર્બન મેલેરિયાની અન્ય ટીમોએ સે. ૯, ૮, ૭, ૧૯, ૨૦માં પણ સર્વેલન્સની કામગીરી કરી હતી. એક જ દિવસમાં સર્વેલન્સમાં ૧૫૦૦ જેટલા મકાનોને આવરી લેવામાં આવ્યા હતા. જે પૈકી ૧૨૦ જેટલા સ્થળોએથી મચ્છરોના લારવા અને બ્રિડીંગ મળી આવતાં તંત્ર અને રહીશો ચોંકી ઉઠ્યા છે.

ગાંધીનગર શહેરમાં રોગચાળાની સ્થિતિ વકરી રહી હોવાના અહેવાલો ગત સપ્તાહે જ પ્રસિદ્ધ કરાયા હતા ત્યારબાદ તંત્રએ પણ તેની કામગીરી સઘન બનાવી હતી. જો કે ગઈકાલે ડેન્ગ્યુથી થયેલા મોતને પગલે તંત્રએ તાબડતોબ કામગીરીને મિશન મોડ પર હાથ ધરી છે.

● અનુસંધાન પાન-૭ પર



ઓમ નમઃ શિવાય - પવિત્ર શ્રાવણ માસના બીજા સોમવારે શિવભક્તોએ રંગ મિશ્રીત ચોખાથી ભગવાન શિવજી અને ગણપતિની પ્રતિકૃતિને રંગોળીમાં કંડારી ભગવાન શિવજીને રાજી કરવાનો ભાવપૂર્વકનો પ્રયાસ અનોખી અનુભૂતિ કરાવતો હતો. સેક્ટર-૨૧ના વૈજનાથ મહાદેવના મંદિરને રંગબેરંગી દિવડાઓથી સુશોભિત કરાયું હતું. સંધ્યા આરતીમાં મોટીસંખ્યામાં શિવભક્તો ઉમટ્યા હતા. ભગવાન શિવજીના જયઘોષ સાથે વિવિધ શિવસ્તુતિ દ્વારા દિવ્ય વાતાવરણ ઉભું કરાયું હતું. દર સોમવારે ગાંધીનગરના શિવાલયો ભાવિકોથી છલકાય છે. શિવજીને રાજી કરવા ભાવિકો લઘુરૂદ્ર, શિવમહિમ્ન સ્તોત્ર તથા ચાર પ્રહરની પૂજાના આયોજન કરે છે.




# વિધાનસભાનું વર્ષાસત્ર સપ્ટેમ્બરના બીજા સપ્તાહમાં બોલાવાશે

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત વિધાનસભાનું ચોમાસુ સત્ર આગામી સપ્ટેમ્બર મહીનામાં ત્રણ દિવસ માટે મળનાર હોવાનું જાણવા મળે છે. આગામી સત્રમાં સરકાર બે થી ત્રણ સરકારી વિધેયક લાવે તેવી શક્યતા છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગત ફેબ્રુઆરી-૨૦૧૩માં વિધાનસભાનું અંદાજપત્ર સત્ર મળ્યુ હતુ. આ સત્ર પૂર્ણ થયા બાદ સપ્ટેમ્બરમાં ૬ માસ પૂર્ણ થતાં હોઈ આગામી મહિનામાં વિધાનસભાનું સત્ર બોલાવવાનું થાય છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ સપ્ટેમ્બર મહીનાના પ્રથમ સપ્તાહમાં મળનારી કેબીનેટની બેઠકમાં ૧૯મી સપ્ટેમ્બરથી ત્રણ દિવસનું ટુંકુ સત્ર બોલાવવા માટેનો નિર્ણય લેવામાં આવે તેવી શક્યતા સેવાઈ રહી છે. અત્યાર સુધીમાં ચોમાસુ સત્ર માત્ર બે કે ત્રણ દિવસ માટે બોલાવવામાં આવ્યું છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ વિધાનસભાનું ટુકું સત્ર આગામી સપ્ટેમ્બરમાં મળનારૂ છે ત્યારે આ સત્રમાં જો કોઈ કાયદો વિધેયકો કે નિયમો રજુ કરવાના થતા હોય તો તાકીદે આ અંગેની કાર્યવાહી કરીને સંસદીય બાબતોના વિભાગ સમક્ષ વિધેયકો રજુ કરીને સરકારની

● અનુસંધાન પાન-૭ પર

# સ્વચ્છતા નહિ જાળવી શકનાર ગાંધીનગર મનપાને સુપરસીડ કરવા કોંગ્રેસની માંગ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી મુકેશ પટેલે શહેરની સ્વચ્છતા જાળવવામાં નિષ્ફળ જનાર કોર્પોરેશનને સુપરસીડ કરવાની માંગ કરી છે.

શ્રી પટેલે જણાવ્યુ હતુ કે અમે શહેરની સ્વચ્છતા બાબતે અને રોગચાળાના મુદ્દે જિલ્લા કલેક્ટરને પગલાં લેવા બાબતે ગત સપ્તાહે જ આવેદન-પત્ર આપ્યું હતું, પરંતુ તંત્ર દ્વારા કોઈ નક્કર કામગીરી થઈ નથી તે દુઃખદ છે. શ્રી પટેલે રાજ્ય સરકારને તાત્કાલિક અસરથી આ કોર્પોરેશન સુપરસીડ કરવી જોઈએ તેવી માંગ કરી છે.

તેમણે જણાવ્યું હતુ કે શહેરમાં ગંદકીનું સામ્રાજ્ય છે તેમજ પાણી પુરવઠો પણ ડહોળો આપવામાં આવી રહ્યો છે. તંત્ર દ્વારા કોઈ જ અસરકારક કામગીરી કરવામાં આવી રહી નથી. શહેરમાં ડેન્ગ્યુથી એક મહિલાનું મોત થયું છે તે ઘણી ગંભીર બાબત છે.

તેમણે શહેરની આરોગ્ય સેવાઓના સઘનીકરણની પણ માંગ કરી છે તેમજ ખાસ કરીને સ્લમ વિસ્તારોમાં વિશેષ ઓ.પી.ડી. તંત્ર દ્વારા શરૂ કરવામાં આવે તેવી પણ માંગ કરી છે.

ગાંધીનગર શહેરમાં વાહકજન્ય રોગચાળાએ જે રીતે માથુ ઉંચક્યુ છે તેને નાથવા સરકારે હવે દરમ્યાનગીરી કરવી જોઈએ તેવી અમારી સ્પષ્ટ માંગ છે અને તેથી જ કોર્પોરેશનને સુપરસીડ કરવી રહી.







